# શિયાળની ચતુરાઈ

– જગદીશ ધનેશ્વર ભટ્ટ

એક જંગલ હતું. ત્યાં એક નાની સરખી બખોલમાં શિયાળ અને શિયાળવી રહેતાં હતાં. બંને ખોરાકની શોધમાં બહાર નીકળ્યાં. થોડે દૂર સામે તેમણે સિંહને આવતો જોયો. બંનેના હાંજા ગગડી ગયા. સિંહ તેમનો શિકાર અવશ્ય કરશે તેનો બંનેને ખ્યાલ આવ્યો.

શિયાળ–શિયાળવી વિચારવા લાગ્યાં. હવે શું કરવું ? સિંહ દોડીને એકદમ નજીક આવ્યો એટલે શિયાળ–શિયાળવી બંનેએ જોરજોરથી જય જયકાર કર્યો. ''જંગલના રાજા સિંહનો જય હો, જય હો, જય હો.''

આ સાંભળીને સિંહ શાંત પડયો, ''બોલો, શું તકલીફ છે તમારે ?''

શિયાળવી બોલી : ''રાજાસાહેબ, અમારે ત્રણ બચ્ચાં છે. અમે બંને છૂટાં પડવા માંગીએ છીએ. હવે ત્રણ બચ્ચાંને સરખા ભાગે કેવી રીતે વહેંચવાં તે સમજાતું નથી. અને તમારી પાસે જ ન્યાય તોળાવવા માટે આવતાં હતાં.''

સિંહ મનોમન હસ્યો. આજે તો પાંચ પ્રાણીઓનો શિકાર મળશે. તેણે કહ્યું, ''મને તમારી સાથે તમારે ઘેર લઈ જાઓ. પછી આગળનું વિચારીએ.''

શિયાળ–શિયાળવી સિંહને પોતાની બખોલ આગળ લઈ આવ્યાં. શિયાળે કહ્યું. ''રાજાસાહેબ, આપ જરા ઊભા રહો. હું બખોલમાંથી બચ્ચાં લઈ આવું છું.'' શિયાળ અંદર ગયો. શિયાળ અંદર જઈને બચ્ચાંને રમાડવા લાગ્યો. તેના અવાજો બહાર આવતા હતા. સિંહ ખિજાયો. શિયાળવીને કહ્યું, ''કેમ આટલી બધી વાર થાય છે ?'' શિયાળવીએ જવાબ આપ્યો : ''રાજાસાહેબ ! ત્રણ બચ્ચાંને સંભાળીને લાવવામાં શિયાળને તકલીફ પડતી લાગે છે. આપ રજા આપો તો જઈને બચ્ચાં લાવવામાં શિયાળને મદદ કરું.''

''સારું જલદી જઈને આવો !''

શિયાળવી અંદર ગઈ પણ આવી નહીં. આથી સિંહે ત્રાડ નાખીને કહ્યું, ''જલદી બહાર આવો. જેથી તમારો ન્યાય કરી શકું.''



શિયાળ–શિયાળવીએ અંદરથી જવાબ આપ્યો, ''રાજાસાહેબ ! અમે અંદરોઅંદર બચ્ચાં વહેંચી લીધાં છે. હવે આપનું કામ નથી. આપ પાછા પધારી શકો છો.''

સિંહ ધૂઆંપૂઆં થયો. પરંતુ દર જેવી બખોલમાં જઈ શકે તેમ ન હતો. પોતાને શિયાળ–શિયાળવી મૂર્ખ બનાવી ગયાં છે તેનો ખ્યાલ આવ્યો અને પસ્તાઈને પાછો વળ્યો.

સંકટ–સમયે અટવાયા સિવાય તેમાંથી નીકળવાનો રસ્તો વિચારવો જોઈએ.

■